# વાવોલના અવાવરું કુવામાં પડી ગયેલાં પાડાનું જોખમી રેસ્ક્યું

## એક તો પાડો એગ્રેસિવ હતો અને કૂવામાં ૨ કાળોતરા સાપ હતાં : ફાયર બ્રિગેડની ટીમ સાથે મળીને ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપનું પ્રસંશનીય કાર્ય

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના વાવોલ ખાતે રેલ્વે ફાટક પાસેના અવાવરું કુવામાં પડી ગયેલાં પાડાનું ફાયર બ્રિગેડની ટીમ સાથે મળીને ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપના જીવદયા પ્રેમી સ્વયંસેવકો દ્વારા જોખમી રેસ્કયું ઓપરેશન હાથ ધરીને પાડાને સહીસલામત બહાર કાઢવામાં સફળતા મેળવી હતી. કુવામાં ૨ ઝેરી કાળોતરા સાપની હાજરી વચ્ચે આ દિલધડક બચાવકાર્ય કરીને ઓપરેશનમાં જોડાયેલાં ફાયર કર્મીઓ અને સ્વયંસેવકોએ સાચા અર્થમાં જીવદયાનું પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

ઘટનાની વિગત અનુસાર ગઈકાલે બપોરે ૧ વાગ્યાની આસપાસ એક પાડો તે વાવોલ ફાટક પાસે રહેલા કૂવામાં પડી ગયો હતો. આસપાસના નાગરિકોના પ્રયત્ન કરવા છતાં તેને કાઢવો શક્ય બન્યો ન હતો.

એક તો પાડો ઘણો એગ્રેસિવ હતો તેમજ કૂવામાં ૨ કાળોતરા સાપ પણ હતા જેથી કુવામાં નીચે ઉતરવાનું સાહસ કરી શકાય એમ ન હતું. આ અંગે ગઈકાલે રાત્રે ગાંધીનગર વોલિયન્ટર્સ ગૃપ સાથે સંકળાયેલા જીવદયા પ્રેમી સ્વયંસેવક કૌશલભાઈ સાધુને જાણ થતાં તેઓ તેમના મિત્ર પંકજભાઈ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા.







કામ અત્યંત અઘરું હોવાથી ફાયર બ્રિગેડની ટીમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ઘણી રાત થઈ ગઈ હતી અને અંદર એગ્રેસીવ પાડાને બચાવવા ઝેરી સાપવાળા કૂવામાં ઉતરવું તે અત્યંત જોખમી હતું તેમ છતાં ફાયર બ્રિગેડ દ્વારા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ વરસાદ ચાલુ થઈ જતા કામ બંધ કરવું પડ્યું હતું. બીજા દિવસે એટલે કે આજે સવારે ફરી આ કામ હાથ ધરવામાં આવ્યું જેમાં સંસ્થાના બીજા જીવદયા પ્રેમી સ્વયંસેવકો વિવેક પરમાર, તેજસ ગામીત, તેજસ રાવળ અને તેના સાથી મિત્રો વિશાલ, રાહુલ, રોહિત અને ભોલો રાણા પણ સ્થળ પર પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમ અન્ય એક કોલમાં વ્યસ્ત હોવાથી કૌશલભાઈ સાધુ દ્વારા સેફ્ટિના સાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ફાયર ઓફિસર ગઢવી સાહેબનો સાથ સહકાર નોંધપાત્ર રહ્યો હતો. આ સાથે સ્થળ પર હાજર નાગરિકોની મદદથી ક્રેનની વ્યવસ્થા પણ થઈ ગઈ હતી પરંતુ હજી એક પ્રશ્ન ઊભો હતો કે ઝેતી સાપવાળા કૂવામાં ઉતરી પાડાના પગમાં ક્રેનના પાટા અને શિંગડામા દોરડું નાંખશે કોણ? આ કાર્ય માટે કોલવડાના યુવા સ્વયંસેવક તેજસ રાવળ દ્વારા તૈયારી બતાવવામાં આવી હતી અને તેઓ કૂવામાં ઉતાર્યા હતાં. કૂવામાં ઉતારવામાં તેજસભાઈને વચ્ચે વચ્ચે આરામ મળે માટે ભોલો રાણા પણ ટુંક સમય માટે ઉતર્યા હતા. બહાર સીડી પકડવા માટે, પાડાના શિંગડામાં ભરાવેલ રસ્સાને ખેંચવા માટે અને પાટાના રસ્સને ખેંચવા માટે ૧૫થી ૨૦ વ્યક્તિઓએ મદદ કરી હતી જેના ફળરૂપે લગલગાટ ૩ કલાકની ભારે જહેમત અને અત્યંત જોખમ ખેડ્યાં બાદ પાડાને કુવામાંથી બહાર કાઢી રેસ્કયુ કરવામાં સફળતા મળી હતી.

# યુકેના મહોત્સવમાં ગાંધીનગરની કલાશ્રી ડોલ્સની અદભૂત પ્રસ્તુતિ

## હેરો ખાતે શ્રી ૮૪ બેઠકજી મહોત્સવ ચરિત્રકથા પ્રસંગે ૨૫૦૦ સ્કવેર ફુટના વિશાળ પ્રદર્શનમાં પ્રસ્તુતિ : મહાપ્રભુજી, વૈષ્ણવાચાર્ય, રામ-સીતા, હનુમાનજી અને મહાદેવ સહિતના પાત્રો, પ્રાકૃતિક તત્વો અને પ્રાણીઓની આબેહૂબ આકર્ષક ગોઠવણી : ૨૦થી વધુ મહિલાઓએ માત્ર ૭૦ દિવસમાં તમામ ડોલ્સ તૈયાર કરી : કલાશ્રી સંસ્થા વધુ એક વાર વર્લ્ડ રેકોર્ડ નોંધાવવા સજજ

ગાંધીનગર, તા.૨૬

સમગ્ર ભારતમાં એક માત્ર ડોલ ડીઝાઈનીંગ સ્ટુડીયો તરીકે ખ્યાતનામ અને સાડા ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી ડોલ મેકીંગ આર્ટ પર સંશોધન અને પ્રશિક્ષણ કાર્ય કરી રહેલી ગાંધીનગરની કલાશ્રી સંસ્થાએ યુકે ખાતે યોજાયેલ વૈષ્ણવ સંઘની ૮૪ બેઠકજીના કથા મહોત્સવમાં મહાપ્રભુજીથી લઈ દેવી દેવતાઓના પાત્રોની પ્રતિકૃતિ સમાન અદભુત ડોલ્સ (સ્કલ્પચર્સ)ની પ્રસ્તુતિ કરી સંસ્થાની વધુ એક સિધ્ધિ સાથે ગાંધીનગર અને ગુજરાતને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગૌરવ અપાવ્યું છે. ગાંધીનગર કે ગુજરાત જ નહિ સમગ્ર ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે કલાક્ષેત્રે ગૌરવ અપાવનાર સંસ્થા કલાશ્રીએ કલાને સિમાડાના કોઈ બંધન હોતા નથીએ ઉકિતને વધુ એકવાર સાર્થક કરી દેખાડી છે. યુકેમાં હેરો લેઈઝર સેન્ટર, બાયરન ભેલ, કાઈસ્ટ ચર્ચ એવન્યુ, હેરો ખાતે વૈષ્ણવ સંઘ ઓફ યુકે ધ્વારા તા.૨૦ થી ૨૬ ઓગષ્ટ ૨૦૨૨ દરમ્યાન યોજાયેલ શ્રી ૮૪ બેઠકજી મહોત્સવ ચરિત્રકથા પ્રસંગે ૨૫૦૦ સ્કવેર ફુટના વિશાળ પ્રદર્શનમાં પ્રસ્તુતિ માટે રંજનબેનના માર્ગદર્શન હેઠળ સહયોગી બહેનો ગૌરીબેન ઠાકર, ભાવિકા આચાર્ય, કલ્પના મહેતા સહિત ૨૦થી વધુ મહિલાઓએ માત્ર ૭૦ દિવસમાં ઝડપી પ્રોજેકટ હાથ ધરી ડોલ્સ તૈયાર કરવામાં આવી હતી. ફકત કાપડ, રૂ અને નેચરલ એલીટમેન્ટથી બનાવેલી તથા ૮૪ બેઠકજીમાં આવતા મહાપ્રભુજી, વૈષ્ણવાચાર્ય, રામ-સીતા, હનુમાનજી અને મહાદેવ સહિતના અનેક પાત્રોની આબેહુબ પ્રતિકૃતિઓ ૨૫૦૦ સ્કવેર ફીટના એરીયામાં ગીરીરાજ પર્વત, વૃક્ષો, ઝરણાં, મંદીરો તેમના ગાય સહિતના પ્રાણીઓની આકર્ષક ગોઠવણી સાથે રજૂ કરવામાં આવ્યા હતા. આ



પ્રદર્શનનો હેતુ વિદેશમાં વસતા ભારતીયોની નવી પેઢીને ભારતના આધ્યાત્મિક સાંસ્કૃતિક મૂલ્યોને એક અનોખા માધ્યમથી દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેવું હરિન ભટ્ટે જણાવ્યુ હતુ. રંજનબેનને માર્ગદર્શન હેઠળ તેમના ક્રિએટિવ આસિસ્ટન્ટ્સ ગૌરીબેન ઠાકોર, ભાવિકાબેન આચાર્ય, કલ્પના મહેતા અને ૨૦થી વધુ બહેનોએ ૯૦ દિવસમાં આ પ્રોજેક્ટ પૂરો કરી લંડન પંહોચાડયો હતો. કલાશ્રી સંસ્થાના ફાઉન્ડર ૭૮ વર્ષીય ડોલ આર્ટિસ્ટ રંજનબેન ભટ્ટ ડોલ મેકીંગ ક્ષેત્રે ૧૯૬૦માં ડીપ્લોમા-ડીગ્રી મેળવ્યા બાદ ૬૨ વર્ષથી કાર્યરત છે અને સાડા ત્રણ દાયકાથી ડોલ મેકીંગ આર્ટ પર સંશોધન, પ્રશિક્ષણ ઉપરાંત જરૂરીયાતમંદ મહિલાઓને રોજગારી આપવામાં પણ સતત કાર્યરત રહ્યા છે. મોરના ઈંડાની જેમ આ કલા ગળથૂંથીમાં જ મેળવનાર તેમના દિકરા હરિન ભટ્ટે આ કલાયાત્રામાં સાડા ત્રણ દાયકાથી સક્રીયપણે સાથે રહી સઘન સંશોધનના પરિપાકરૂપે વિશ્વકક્ષાની ૧૮થી વધુ ડોલ મેકીંગ પેટર્ન બનાવીને ભારતીય સંસ્કૃતિ, પહેરવેશ, પર્વો અને પ્રસંગો પર આધારીત ૯૦૦થી વધુ નમૂનાઓનુ અદભુત સર્જન કર્યુ છે અને ૧૮થી વધુ દેશોમાં અંદાજે એક લાખથી પણ વધુ ડોલ્સની નિકાસ કરી છે. તેમના આ કાર્ય માટે ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ (યુકે) અને યુનેસ્કો ક્લ્ચરલ એવોર્ડ પણ મેળવી ચૂકયા છે. હવે આ કલાશ્રી સંસ્થા ગાંધીનગરના વિખ્યાત મહાત્મા મંદિરને ધ્યાનમાં લઈને ગાંધીબાપુના સ્કલ્પચર પર કાર્ય કરી ફરી એકવાર ગીનીસ બુક ઓફ વર્લ્ડ, રેકોર્ડમાં આગવુ સ્થાન અંકિત કરવા જઈ રહી છે. અહીં એક વાતની સંવર્ગ નોંધ લેવી ઘટે કે રંજનબેનની કલાશ્રી ટીમમાં ડોલ મેકીંગના પ્રશિક્ષણ સાથે ૨૦થી વધુ બહેનોને રોજગારી આપવામાં આવી છે.



છત્રી એટલે વરસાદથી બચવાનુ છત્ર. વરસાદની સિઝન જામી છે અને વારંવાર ધોધમાર વરસાદ વરસી જાય છે ત્યારે છત્રી વરસાદથી રક્ષણ કરે છે. હવે તો જુની પુરાણી કાળી છત્રીની જગ્યા રંગબેરંગી છત્રીઓએ લઈ લીધી છે. આ વર્ષે વરસાદ ખૂબ વધારે છે ત્યારે છત્રીઓનું વેચાણ વધ્યુ છે. ભાદરવો બેસવામાં છે ત્યારે વરસાદની સાથે જ તડકો પણ આકરો પડી રહ્યો છે ત્યારે આ જ છત્રી કામમાં આવે છે. તસ્વીરમાં દેખાતી બે બહેનો વરસાદથી નહી પરંતુ તડકાથી બચવા છત્રીનો ઉપયોગ કરી રહી છે.


